**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૨ ટકા

# શાકભાજી માર્કેટમાં સરગવાની સિંગોની ખૂબ આવક

## સરગવાની સિંગો આયુર્વેદિક દવામાં વપરાય છે : સરગવાના કૂણા પાંદડાનું શાક પણ બને છે

ગાંધીનગર, તા.૧૦
શહેરમાં શાકભાજી માર્કેટમાં વિવિધ ઉનાળુ શાકભાજી નજરે પડી રહ્યા છે. જે ઉનાળાની મોસમમાં આરોગવાથી શરીર માટે સ્વાસ્થ્ય માટે લાભદાયી નીવડે છે. આ શાકભાજી પૈકી એક છે ઉત્તમ એવો સરગવો. સરગવાનીછાલ, મૂળ, ગુંદર, પાન, ફૂલ, શીંગ અને બીજ પણ ઔષધીય ગુણ ધરાવે છે. શહેરના શાકભાજી માર્કેટમાં સરગવો આ સીઝનમાં વેચાઈ રહ્યો છે. આસપાસના ગામમાંથી તેની ભરપૂર આવક થઈ રહી છે.

સરગવામાં પણ બે પ્રકારના સરગવા છે. સફેદ ફુલવાળો અને લાલ ફુલવાળો. સફેદ ફુલવાળો સરગવો બધે જ જોવા મળે છે. સરગવો મધુર, તીખો, કડવો, તુરો, ઉષ્ણ, તીક્ષ્ણ, રુચીકર, ભૂખ લગાડનાર, આહારનું પાચન કરાવનાર, પચવામાં હલકો, હૃદય માટે હીતકર, ચાંદા, કૃમિ, ગુમડાં, સોજાં, ખંજવાળમાં, નેત્રરોગમાં હીતકારી છે.

સરગવાના મૂળની છાલ ગરમ, કડવી, કફહર, ગુમડા મટાડનાર છે. સરગવાના કોમળ પાનનું શાક બનાવીને ખાવાથી પેટ



હલકું રહે છે અને પેટ સાફ રહે છે. હૃદયની તકલીફને લીધે યકૃત મોટું થયું હોય તો સરગવાનો ઉકાળો અથવા સરગવાની શીંગોનું સુપ બનાવી પીવાથી યકૃત અને હૃદય બંનેને ફાયદો થાય છે. કીડનીની પથરીમાં સરગવાના મૂળનો તાજો ઉકાળો સારું કામ આપે છે. સરગવાની શીંગના ઉકાળાથી સંધીવા પણ મટે છે. સરગવાની સિંગનો ઉપયોગ ઢોંસાના સંભારમાં પણ કરવામાં આવે છે.

આયુર્વેદમાં સરગવાની સીંગ ૩૦૦ રોગના ઉપચારમાં ફાયદાકારણ જણાવી છે. સરગવાની સીંગના બિયામાંથી તેલ કાઢવામાં આવે છે તેની છાલ, પાંદડા, જડ વગેરેમાંથી આયુર્વેદિક દવાઓ તૈયાર કરવામાં આવે છે.

સરગવાની સીંગમાં હાઈમાત્રામાં ઓલિક એસિડ હોય છે. જે શરીર માટે અતિઆવશ્યક છે. સરગવાની સીંગમાં વીટામીન સી પ્રચુર માત્રામાં સમાયેલું હોય છે. જે રોગપ્રતિકારક શકિત વધારે છે. સરગવાની સીંગમાં કેલ્શિયમ અધિક માત્રામાં હોય છે તેથી હાડકાં મજબૂત થાય છે. આ ઉપરાંત તેમાં આર્યન, મેગ્નેશિયમ પણ હોય છે તે હાઈ બ્લડપ્રેશર તેમજ સુગર લેવલને ઓછું કરે છે. કોલેસ્ટ્રોલનું પ્રમાણ પણ નીચું લાવે છે જે હૃદય માટે ગુણકારી છે. થાઈરોઈડના દર્દીઓએ તો સરગવાની સીંગ અવશ્ય ખાવી જોઈએ.

સરગવો મીઠો અને કડવો એમ બે જાતનો થાય છે. મીઠો સરગવો ખેતર કે વાડીઓમાં થાય છે અને શાક માટે વપરાય છે. વગડામાં થતા સરગવાને વગડાઉ સરગવો કહે છે તેની સીંગ કડવી હોય છે. સરગવાને અંગ્રેજીમાં ડ્રમસ્ટીક કહેવાય છે.

## આજે સે-૩ સીમાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૧૦
માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદના ગરબાનું આયોજન સેકટર-૩સીમાં અનુબેન ચક્રવર્તીના ઘરે કરવામાં આવ્યું છે. શકિત ચોક મંદિરમાં બપોરે ૨ થી ૫ વાગ્યા આનંદનો ગરબો યોજાશે તેમ અખબારી યાદીમાં પ્રફુલ્લાબેન ભાવસારે જણાવ્યું છે અને સર્વે ભાવિ ભકતોને પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




એકલવ્ય સ્પોર્ટસ એકેડમી દ્વારા ૨ કલાક નોનસ્ટોપ સ્કેટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ ખાતે એકલવ્ય સ્પોર્ટસ એકેડમીમાં આ સ્પર્ધા સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન યોજાઈ હતી. જેમાં ગાંધીનગર સેકટર-૨૧ જીમખાનામાં સ્કેટિંગની ટ્રેનિંગ લીધેલ શહેરના વિદ્યાર્થી હર્ષિત પ્રતિક ઠક્કરે ભાગ લીધો હતો. આ સ્કેટિંગની ટ્રેનિંગ કોચ વસિમભાઈ દ્વારા આપવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. નાથી ભવાનભાઈ અમથાભાઈ**, ઉ.વ. ૮૦, સેકટર-૨૪
- **સ્વ. નાયડુ રમેશભાઈ મનુસ્વામી**, ઉ.વ. ૬૫, વાવોલ
- **સ્વ. પંચાલ બાલુભાઈ ચેલાભાઈ**, ઉ.વ. ૬૭,મગોડી
- **સ્વ. વાઘેલા તિકાબા ગોપાળજી**, ઉ.વ. ૭૫, પેથાપુર


# એલઆરડીની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ

## લોકરક્ષક દળની પરીક્ષા ૯૫૪ સેન્ટરમાં લેવાઈ : પરીક્ષા દરમિયાન કોપી કેસ કરતા ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦
એલઆરડીની ૧૦૪૫૯ જેટલી જગ્યા માટે રવિવારે લેખિત પરીક્ષા યોજાઈ હતી. જે શાંતિપૂર્ણ માહોલમાં સમાપ્ત થઈ હતી. પેપર સહેલું અને વ્યવસ્થા સારી હોવાની વાત ઉમેદવારોએ કરી હતી.

ગાંધીનગર સહિત સાત શહેરોમાં એલઆરડીની પરીક્ષા યોજાઈ હતી. ૨.૯૫ લાખ ઉમેદવારોની લેખિત પરીક્ષા યોજાઈ હતી. ડમી પરીક્ષાર્થીઓ ન આવે અને પેપરલીક ન થાય તે માટે પરીક્ષા સ્થળે તમામ ઉમેદવારોને બાયો મેટ્રિક પધ્ધતિથી જ પ્રવેશ આપવામાં આવ્યો હતો.

એલઆરડીની પરીક્ષા ૯૫૪ સેન્ટરોમાં લેવાઈ હતી. જેમાં ઉમેદવારોને પરીક્ષા સેન્ટર પર બાયોમેટ્રિકથી પ્રવેશ આપવામાં આવ્યો હતો. પરીક્ષા બાદ ઉમેદવારોની હાજરીમાં જ ઉત્તરવહીઓ પેક કરાઈ હતી. તંત્ર દ્વારા વધારાની એસટી બસ પણ ફાળવવામાં આવી હતી. આ





પરીક્ષાની ઓએમઆર ૨૪ કલાકમાં સ્કેનિંગ કરીને ઓનલાઈન મૂકવામાં આવશે.

એલઆરડી પરીક્ષા પૂર્ણ થયા બાદ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે નિવેદન કરતાં જણાવ્યું હતું કે શાંતિપૂર્વક રીતે પરીક્ષા પૂર્ણ થઈ છે. ઉમેદવારોમાં કયાંક ડર હતો કે પેપર ફૂટશે પરંતુ રાજયની પોલીસે ચુસ્ત બંદોબસ્ત સાથે પરીક્ષા પૂર્ણ કરાવી છે. આ પરીક્ષા દરમિયાન ૨ કોપી કેસ સામે આવ્યાનું પણ ખૂલ્યું છે તથા આગળની ભરતી પ્રક્રિયા જલ્દી પૂર્ણ કરવાનું હસમુખ પટેલે આશ્વાસન આપ્યું હતું.

એલઆરડીની પરીક્ષામાં આ વખતે દૂર દૂર સેન્ટરો આપ્યા હોવાથી પરીક્ષાર્થીઓને એક દિવસ પહેલા તે સ્થળ પર પહોંચી જવાનો વારો આવ્યો હતો તથા દિકરીઓને દૂર નંબર આવતા સાથે પરિવારના કોઈ સદસ્યને લઈને જવાનો વારો આવ્યો હતો. પરીક્ષાર્થીના વાલીઓ તંત્ર પાસ આ રીતે દરેક પરીક્ષા યોજાય તેવી આશા રાખી રહ્યા છે અને નજીકના સેન્ટરોમાં પરીક્ષાનું સેન્ટર આવે તેવી પણ માંગ કરી રહ્યા છે.

આ એલઆરડીની પરીક્ષામાં યુક્રેન અને રશિયા અંગે સવાલ પૂછાયા હતા. યુક્રેનની સરહદે કયાં દેશો આવેલા છે તે સવાલ પૂછયો હતો તો સંયુકત રાષ્ટ્રની સલામતી સમિતિમાં કયા કયા દેશો છે તે સવાલ પૂછાયો હતો. પેપરને લઈ કેટલાક ઉમેદવારો નિરાશ પણ થયા હતા. પોલીસની પરીક્ષામાં કાયદાના પ્રશ્નો માત્ર ૨ માર્કના પૂછાયા હતા. તો ઈતિહાસના પ્રશ્નો વધુ પૂછાયા હતા. આ સાથે કેટલાક ઉમેદવારોની ફરિયાદ હતી કે પેપર લાંબુ હતું.

આ એલઆરડીની પરીક્ષામાં ઘણા પરીક્ષા કેન્દ્રોમાં ઉમેદવારો કાળા કપડા પહેરીને આવ્યા હતા. આ ઉમેદવારોએ યુવા નેતા યુવરાજસિંહ જાડેજાના સમર્થનમાં કાળા કપડાં પહેર્યા હતા. યુવરાજસિંહ જાડેજાની તાજેતરમાં જ એક પ્રદર્શન સમયે પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી ત્યારબાદ સોશિયલ મીડિયા પર યુવરાજસિંહને મુકત કરાવવા એક આખું અભિયાન ચલાવાયું હતું. જે આ પરીક્ષામાં કાળા કપડાં પહેરીને રોષ વ્યકત કર્યો હતો.

# પ્રવેશદ્વાર છતાં છેવાડાનું કહેવાતું અને સમસ્યાઓથી ઘેરાયેલું સેકટર-૪...!!

## સે-૪માં પાણીના ધીમા ફોર્સથી માંડીને ઉભરાતી ગટરો તેમજ રખડતાં ઢોર અને ગેરકાયદેસર ઝુંપડપટ્ટી સહિતના દબાણોની સમસ્યા : સ્કૂલ, બેંક કે રંગમંચની સુવિધા વિનાના સે-૪માં સરકારી દવાખાનું પણ બંધ છેઃ સેકટર ફરતે અને આંતરિક માર્ગો પર અકસ્માતોનું જોખમ પણ ખૂબ વધુ છે




ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગરના આયોજનમાં સેકટરોની રચના અને તેના વિકાસના ક્રમને અનુલક્ષીને અનેક સેકટરોને 'છેવાડાનાં સેકટર' તરીકે ઉલ્લેખવામાં આવે છે જેમાં ખાસ કરીને ખ-રોડને સંલગ્ન નવા સેકટરોનો ખાસ સમાવેશ થાય છે અને આ અનુસાર સેકટર-૪ને પણ છેવાડાનું સેકટર કહેવાય છે, જો કે સરખેજ-ગાંધીનગર હાઈવે તરફથી ખ-રોડના ખૂણે આવતું પહેલું સેકટર-૪ છે. જેથી તે તરફનું પાટનગરનું પ્રવેશદ્વાર પણ કહેવાય છે. વર્ષ ૧૯૯૩માં આ સેકટરમાં વસવાટ શરૂ કરાયો ત્યારે ગ-૨ સર્કલથી આગળ સેકટર-૪ તરફ નહોતી સ્ટ્રીલાઈટ કે નહોતો યોગ્ય રોડ રસ્તો. એક પણ સરકારી આવાસ વગરના આ સેકટરમાં ૯૦ મીટરના ૨૩૧૦ પ્લોટ અને ૧૨૫ મીટરના માત્ર ૨૯૬ પ્લોટ પાડવામાં આવ્યા હતા જેથી મધ્યમવર્ગનો વસવાટ અહીં સૌથી વધુ રહ્યો. પહેલાં દસ વસાહતીઓ સાથે વસવાટનો પ્રારંભ થયા બાદ નાની સાઈઝના પ્લોટને કારણે વધુ પરિવારોને સમાવતા આ સેકટરમાં અત્યારે વિકાસ સાથે વસતીની ગીચતા પણ ઘણી વધી ગઈ છે કેમ કે અહીં ભાડુઆત વર્ગ પણ નોંધપાત્ર સંખ્યામાં છે. જો કે વસતીની ગીચતા સાથે મોટા ખુલ્લાં પ્લોટ ધરાવતા આ સેકટરમાં સમસ્યાઓની સંખ્યા પણ ઓછી નથી.

કોરોના મહામારીની બીજી લહેરની સાથે જ સૌ કોઈને ઓકિસજનની મહત્તા સમજાઈ છે અને સેકટર-૪માં તાજેતરમાં જ 'ઓકિસજન પાર્ક'ની થીમ પર બગીચો વિકસાવાયો છે જે આદર્શ નમૂના રૂપ સાબિત થઈ શકે તેવો બન્યો છે. જો કે આવા ઓકિસજન પાર્ક ધરાવતા સેકટરમાં ખાસ કરીને સે-૪-બી વિભાગમાં પાણીના ધીમા ફોર્સની સમસ્યા એટલી હદે વકરેલી છે કે અસંખ્ય વસાહતીઓએ તો પીવાનું પાણી ભરવા માટે ઘર પાસે પગથિયાં ઉતરીને 'વાવ'માં પાણી ભરવા જવાનો અનુભવ થતો હોય તેવી ઊંડી કુંડીઓ બનાવવી પડી છે. બીજી તરફ એ પણ કમનસીબી છે કે સે-૪માં બે કુદરતી તળાવો છે જેને જુના મકાનોના કાટમાળ નાંખીને પુરી દેવાની પ્રવૃત્તિ ચાલી રહી છે અને 'ખ' રોડ તરફનું તળાવ તો લગભગ પુરી દેવામાં આવ્યું છે જેને કારણે ભૂગર્ભ જળસંચયનો મહત્વનો સ્ત્રોત નાશ પામવાને આરે છે. સેકટરમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેકશનથી માંડીને જાહેર સાફસફાઈ નિયમિત રીતે થઈ રહી છે પરંતુ સેકટરની વચ્ચેના ભાગમાં જ ખૂબ મોટા ખુલ્લાં પ્લોટ છે જયાં રાત્રીના સમયે છવાયેલો રહેતો અંધારપટ નશાખોરો અને અસામાજીક તત્વો માટે સાનુકૂળ સ્થિતિનું સર્જન કરે છે. વળી, આ વિસ્તારમાં ગેરકાયદેસર ઝુંપડપટ્ટીનું દૂષણ પણ વિકસ્યું હોવાથી રાત્રીના સમયે અહીંથી પગપાળાં પસાર થવું જોખમી બની રહ્યું છે.











સેકટર-૪માં ઝુંપડપટ્ટી સાથે રખડતાં ઢોરની સમસ્યા પણ ખૂબ વધુ અને જુની છે, સેકટરની આસપાસમાં અને સેકટરમાં પણ રહેતા પશુપાલકો દ્વારા છુટા મુકી દેવાતાં ઢોરને કારણે અકસ્માતનો ભય રહે છે. આશરે પાંચેક વર્ષ પૂર્વે એક ૭૫ વર્ષીય વડીલનું ગાયે હડફેટે લેવાથી કરૂણ મોત થયું હતું તેવું સે-૪ વસાહત મહામંડળની સ્થાપનામાં અગ્રણી ભૂમિકા ભજવનાર સક્રીય વસાહતી કશ્યપભાઈ મહેતાએ જણાવ્યું હતું. સે-૪ વસાહતમંડળના પૂર્વ મંત્રી રહી ચુકેલા અને હાલ વસાહત મહામંડળમાં સેવા આપી રહેલા કશ્યપભાઈ જણાવે છે કે સેકટરમાં સરકારી દવાખાનાનું મકાન છે પરંતુ તબીબી સ્ટાફના અભાવે દવાખાનું બંધ રહેતું હોવાથી ખંડેર થઈને રહી ગયું છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ ખંડેર મકાનમાં ચુંટણી સમયે મતદાન મથક કાર્યરત થઈ જાય છે પરંતુ તંત્રને દવાખાનું પુનઃ શરુ કરવામાં રસ નથી જણાતો. અહીં જો એલોપેથીની ઓપીડી શરૂ કરાય તો સેકટરના વડીલોને નાની મોટી તકલીફો માટે દૂરના અન્ય સેકટરો સુધી લાંબા થવું ના પડે. એમ તો સે-૪માં રંગમંચ ના હોવાથી તે સુવિધા માટે પણ સે-૮ કે સે-૧૨ સુધી વસાહતીઓએ લાંબા થવું પડે છે એટલું જ નહીં સે-૪માં પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલ માટે પણ જમીન ફાળવાઈ હતી પરંતુ હજુ સુધી એક પણ સરકારી સ્કૂલ અહીં કાર્યરત નથી.

સે-૪માં રહેતા અને 'ગાંધીનગર ચમકાવવું છે' જેવા નામથી જાહેર સમસ્યા અંગે જાગૃતિ તેમજ પર્યાવરણ સહિત વિવિધ રચનાત્મક કાર્યો કરતું ગૃપ ચલાવતા મેહુલ તુવાર જણાવે છે કે સે-૪માં મુખ્ય માર્ગો પરની અનેક સ્ટ્રીટલાઈટો બંધ હોવાની સમસ્યા છે, કેટલીક સ્ટ્રીટલાઈટના તો થાંભલા જ ઉખડી ગયા છે અને તેની ફરિયાદ અંગે વિવિધ સત્તા વિભાગો નાગરિકોને ચલકચલાણી રમાડે છે સે-૪માં ઠેક ઠેકાણે ગટર ઉભરાવાની સમસ્યા છે જેનું સમયસર નિરાકરણ પણ આવતું નથી. સેકટરની ફરતે સલામતી માટે કમ્પાઉન્ડ વોલની ખાસ જરૂર છે. સેકટર-૪માં બીજી એક સમસ્યા વસાહતીઓ દ્વારા ઘરની બહાર છેક રોડ સુધી ફેન્સિંગ કરી વાડાં ઉભા કરી દબાણો કર્યા છે જેના કારણે રીંગરોડ સહિતના માર્ગો સાંકડા થઈ જવાથી અકસ્માતનો ભય રહે છે. વળી, રોડ સાઈડે ગાડીઓનું આડેધડ પાર્કિંગ રાહદારીઓને રોડ પર ચાલવા મજબૂર કરે છે જેના કારણે ભૂતકાળમાં બે વસાહતીઓના રોડ અકસ્માતમાં જ કરૂણ મોત નીપજી ચુકયા છે. સે-૪-બી ખાતે રહેતા જાણીતા સાહિત્યકાર અને યુવા અગ્રણી અજય ઉપાધ્યાય જણાવે છે કે સેકટર-૪માં કે તેની નજીકમાં કોઈ બેંકની શાખા તો ઠીક પરંતુ એટીએમ કેન્દ્ર પણ નથી. સેકટરના રીંગ રોડ સહિત આંતરિક માર્ગો પર દબાણોના કારણે જે પરિસ્થિતિ સર્જાઈ છે તેના કારણે ચોમાસામાં વરસાદી પાણીના નિકાલનો પણ રસ્તો રહેતો નથી અને કેટલેક સ્થળે તો ગોઠણસમા પાણી ભરાય છે. વળી નજીકના ખ માર્ગ પરથી સ્પીડબ્રેકરો હટાવી દેવાયા હોવાથી પુરપાટ ઝડપે દોડતાં વાહનોને કારણે ખાસ કરીને ખ-૧ નજીકના 'કટ' પાસે વારંવાર જોખમી અકસમાતો સર્જાય છે. સે-૪ના એક પર્યાવરણ પ્રેમી અગ્રણી અશ્વિનભાઈ જાટીયાના કહેવા અનુસાર સેકટરને સિટી બસ સેવાનું સુખ પ્રાપ્ત થયુ નથી પરંતુ અહીંથી ઈસ્કોન કે સરખેજ તરફ જવા પણ પહેલાં ઉંધી દિશામાં પથિકાશ્રમ 'એસ.ટી. ડેપો' તરફ જવું પડે છે.

- પ્રતિભાવો આવકાર્ય :
**samirtalod@gmail.com**

●●●
સે-૪માં રખડતાં ઢોર અને કૂતરાંનો ત્રાસ અસહ્ય છે જેને કારણે એક વડીલ પોતાનો જીવ ગુમાવી ચુકયાં છે. વળી સેકટરમાં બંધ પડી રહેલું સરકારી દવાખાનું પુનઃ કાર્યરત કરવા અમે છેક ૨૦૦૭થી રજુઆતો કરી રહ્યાં છીએ. સે-૪માં નથી સરકારી સ્કૂલ, નથી રંગમંચ, નથી પોસ્ટ ઓફીસ કે નથી બેંક, જેના કારણે વસાહતીઓ અનેક મુશ્કેલીઓ અનુભવી રહ્યાં છે.
**- કશ્યપ મહેતા, પૂર્વ મંત્રી, સે-૪ વસાહત મંડળ**

●●●
સે-૪માં વસાહતીઓએ કરેલા ફેન્સિંગ સહિતના દબાણોને કારણે રોડ સાંકડા થઈ જવાથી નાના-મોટા અકસ્માતો સર્જાય છે જેમાં બે વસાહતીઓ તો જીવ ગુમાવી ચુકયાં છે. સેકટરમાં અનેક સ્ટ્રીટ લાઈટો બંધ છે તેમજ રોડ રસ્તાની સ્થિતિ પણ અત્યંત ખરાબ છે. કેટલાક ભાગોમાં પાણીના અપૂરતા ફોર્સની જયારે કેટલાંક ભાગમાં ગટર ઉભરાવાની સમસ્યા છે. ગટર ઉભરાવાની ફરિયાદ કરીએ તો સરકારી એજન્સીના માણસો રીપેરીંગ માટે ૮૦૦થી ૧૫૦૦ સુધીની રકમ માંગે છે.
**- મેહુલ તુવાર**
**સંચાલક, જીસીસી ગૃપ**

●●●
સેકટર-૪ એસ.જી હાઈવેને અડીને આવેલું છે તેમ છતાં અહીથી ઈસ્કોન તરફ જવા માટે અમારે પથિકાશ્રમ એસ.ટી. ડેપો જવું પડે છે. જો પથિકાશ્રમથી ઈસ્કોન તરફની સિટી બસ કે શહેરી બસ સેવા વાયા ખ રોડ શરૂ થાય તો તેનો લાભ નવા ગાંધીનગર કે સરગાસણની જનતાને પણ મળી શકે છે કેમ કે આ વિસ્તારમાં વિકાસ ખૂબ થયો છે.
**- અશ્વિન જાટીયા**
**અગ્રણી વસાહતી**

## જન્મદિને વધામણી



**શ્રદ્ધા એન પટેલ**
(આશાપુરા ગૃપ)
મો. ૯૮૨૪૧ ૨૯૨૪૧



**રોહિત પાલ**




**નિસર્ગ વાય શુક્લ**
મો. ૮૦૦૦૦ ૪૧૮૦૭



**જયદીપભાઈ સુખડીયા**



**મંથન સંજયકુમાર ત્રિવેદી**
મો. ૮૪૮૭૦ ૮૯૩૨૭



**નવ્યા મુકેશકુમાર પટેલ**



**માલવિક મુકેશકુમાર પટેલ**



**કિઆન જીગરકુમાર પેઈન્ટર**
મો. ૯૪૨૭૦ ૧૦૫૫૫



**દેવ નિમ્બાર્ક**
મો. ૮૮૬૬૩ ૪૦૨૫૬